# માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ઐતિહાસિક સ્મારકો પરત્વેની સભાનતા

**પ્રા. દિગ્વિજય જે. મકવાણા**

શ્રીમતી એસ.જે. સાબવા શિક્ષણ મહાવિદ્યાલય,

બોટાદ

Received Feb. 17, 2015 Accepted March 01, 2015

**ABSTRACT** **પ્રસ્તુત સંશોધનમાં માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની ઐતિહાસિક સ્મારકો પરત્વેની સભાનતા માપવામાં આવી હતી અને આ સંશોધનનું વ્યાપવિશ્વ વલ્લભપુર તાલુકાની માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વર્ષ ૨૦૧૨-૧૩ નાં વિદ્યાર્થીઓ હતા. નમૂના પસંદગીમાં વલ્લભપુર તાલુકાની ત્રણ માધ્યમિક શાળાના ૩૦૪ વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતાં. પ્રસ્તુત અભ્યાસમાં માહિતી એકત્રીકરણ માટે અભ્યાસક રચિત ઐતિહાસિક સ્મારક પરત્વે સભાનતા માપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. માહિતી વિશ્લેષણ SPSS દ્વારા કરવામા આવ્યું હતું માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓમાં ઐતિહાસિક સ્મારકો પરત્વે સભાનતા ઉંચી જોવા મળી હતી.**

***Key words*** **:** ઐતિહાસિક સ્મારકો પરત્વેની સભાનતા

## પ્રસ્તાવના

ભારતભૂમિ તેની વિવિધ કલાઓ માટે વિશ્વભરમાં સુપ્રસિદ્ધ છે. આ વિવિધ કલાઓમાં ચિત્ર, નૃત્ય, સંગીત, શિલ્પ, સ્થાપત્ય વગેરેનો સમાવેશ થાય છે. એમાંય ભારતીય શિલ્પ સ્થાપત્ય કલાનો અનોખો અને લાંબો ઐતિહાસિક વારસો છે. ભારત એક અધ્યાત્મક પ્રધાન દેશ છે. તેથી ભારતીય કલા સદૈવ ધર્મપ્રધાન રહી છે. માટે જ તેનાં પ્રત્યેક શિલ્પ, સ્થાપત્ય, નૃત્ય અને સંગીતનો ઉદ્ભવ ધર્મ આધારિત જણાય છે.

સંસ્કૃત ભાષામાં સ્થાપત્ય માટે ''વાસ્તુ'' શબ્દ વપરાય છે. વાસ્તોનો સીધો સંબંધ નિવાસ સાથે રહેલો છે. ભલે પછી એ આમ માનવીનો હોય કે ઈશ્વરનો હોય. આ જ વાતને બીજા શબ્દોમાં કહીએ તો સ્થાપત્ય કલા એટલે ભવનો અને ઈમારતો બાંધવાની કલા. પૂર્વ આયોજન કરી તદ્નુસાર રેતી, માટી, ચુનો, ઈંટો, પથ્થર, સિમેન્ટ વગેરેની મદદથી કોઈપણ ઈમારત, સ્મારક, આવાસ નિવાસ વગેરેની રચના એટલે 'સ્થાપત્ય કલા' સ્થાપત્ય કલામાં સ્થપતિનું કૌશલ્ય પ્રયોજાય છે.

વર્તમાન સમયમાં ઐતિહાસિક સ્મારકોનું મહત્વ ઘટતું જાય છે અને તેની જાળવણીમાં પણ સરકાટને મુશ્કેલીઓ પડે છે. તેથી તે બાબતની સભાનતા વધારવી જોઈએ. તે હેતુથી આ અભ્યાસ માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં રહેલી ઐતિહાસિક સ્મારકો પરત્વેની સભાનતા માપવા હાથ ધરાયો હતો.

## અભ્યાસનાં હેતુઓ

૧. માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ઐતિહાસિક સ્મારકો પરત્વેની સભાનતા જાતિયતાના સંદર્ભે તપાસવી.

૨. માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ઐતિહાસિક સ્મારકો પરત્વેની સભાનતા વિસ્તારનાં સંદર્ભે તપાસવી.

૩. માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ઐતિહાસિક સ્મારકો પરત્વેની સભાનતા સંવર્ગના સંદર્ભે તપાસવી.

૪. માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ઐતિહાસિક સ્મારકો પરત્વેની સભાનતા ધોરણનાં સંદર્ભે તપાસવી.

## અભ્યાસની ઉત્કલ્પનાઓ

૧. માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા કુમાર અને કન્યા વિદ્યાર્થીઓનીઓએ સ્મારકો પરત્વેની સભાનતા માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહી હોય.

૨. માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ગ્રામ્ય અને શહેરી વિદ્યાર્થીઓનીઓએ ઐતિહાસિક સ્મારકો પરત્વેની સભાનતા માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહી હોય.

૩. માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા અનામત અને બિન અનામત વિદ્યાર્થીઓનીઓએ ઐતિહાસિક સ્મારકો પરત્વેની સભાનતા માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહી હોય.

૪. માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૯ અને ધોરણ ૧૦ નાં વિદ્યાર્થીઓએ સ્મારકો પરત્વેની સભાનતા માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહી હોય.

 E ISSN 2348 –1269, PRINT ISSN 2349-5138

**અભ્યાસનું મહત્વ**

૧. આ અભ્યાસ દ્વારા માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં ઐતિહાસિક સ્મારકો પરત્વેની સભાનતા જાણવા મળશે.

૨. પ્રસ્તુત અભ્યાસ દ્વારા માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં ઐતિહાસિક સ્મારકો પરત્વેની સભાનતા કેવી છે તે જાણી તેનાં વધારો કરવામાં શિક્ષકોને માર્ગદર્શક રૂપ બનશે.

૩. પ્રસ્તુત અભ્યાસ દ્વારા ઐતિહાસિક સ્મારકોની જાળવણી જેવી બાબતોની સરકારને દિશા મળશે.

૪. પ્રસ્તુત અભ્યાસ એ ઐતિહાસિક સ્મારકો પરત્વેની સભાનતાની બાબતમાં શાળાના આચાર્ય અને શિક્ષકોને માર્ગદર્શન રૂપ બનશે.

**શબ્દોની વ્યવહારું વ્યાખ્યા**

**ઐતિહાસિક સ્મારકો પરત્વેની સભાનતા**

''માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓએ ઐતિહાસિક સ્મારકો પરત્વેની સભાનતા માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકો એટલે ઐતિહાસિક સ્મારકો પરત્વેની સભાનતા''

**વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

પ્રસ્તુત અભ્યાસમાં વલ્લભીપુર તાલુકાની ગુજરાતી માધ્યમવાળી માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વર્ષ ૨૦૧૨–૧૩ નાં વિદ્યાર્થીઓને વ્યાપવિશ્વનાં સમાવેશ કરવામાં આવ્યો છે.

આ અભ્યાસમાં નમૂના પસંદગી માટે યાદચ્છિક નમૂના પસંદગીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમાં બધી જ શાળાઓમાંથી ૩ શાળાઓ નમૂના તરીકે પસંદ કરવામાં આવી. જેમાં ૩૦૪ વિદ્યાર્થીઓ અભ્યાસ કરત હતા. જે પ્રસ્તુત સંશોધન માટે નમૂનો તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં માહિતી પ્રાપ્તિનાં ઉપકરણ તરીકે સંશોધકે સ્વ રચિત ઐતિહાસિક સ્મારકો સભાનતા માપદંડનો ઉપયોગ કર્યો હતો. આ ઉપકરણમાં ૨૩ કલમોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં ૧૩ હકારાત્મક કલમો હતા અને ૧૦ કલમો હકારાત્મક હતી. જેનું ક્રમાંકન પંચબિંદુ દ્વારા કરવામાં આવ્યું હતું. આ માપદંડમાં ઘટકક્રમ સામે પાંચ પ્રતિચારો આપવાનાં હતા. સમંત, અસંમત, તટસ્થ, સંપૂર્ણ સંમત, સંપૂર્ણ અસંમત જેવા પ્રતિચારો દર્શાવવામાં આવ્યા હતા.

**માહિતીનું એકત્રીકરણ**

નમૂનામાં સમાવિષ્ટ વલ્લભીપુર તાલુકના શાળાઓનાં આચાર્યોની અનુમતિ મેળવ્યા બાદ નિશ્ચિત કરેલ તારીખે અને સમયે સંશોધકે જાતે જે તે શાળાનાં વિદ્યાર્થીઓને પ્રાથમિક માહિતી આપી. ઐતિહાસિક સ્મારક પરત્વેની સભાનતા માપદંડમાં ક્રમાંકન કરવાનું કહેવામાં આવ્યું હતું. અને આ મુજબ માહિતી એકત્રીકરણ કરવામાં આવ્યું હતું.

**માહિતી વિશ્લેષણ**

પ્રસ્તુત અભ્યાસમાં માહિતી એકત્રીકરણ કર્યા પછી માહિતીનાં વિશ્લેષણ કરવા માટે ઐતિહાસિક સ્મારક પરત્વેની સભાનતા માટે સભાનતા માપદંડો એકત્રિત કરી શુન્યથી ચાર પ્રાપ્તાંકો વડે તેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને ઐતિહાસિક સ્મારક પરત્વેની સભાનતા પરનો પ્રાપ્તાંક નકકી થયો હતો. આ અભ્યાસમાં ઉત્કલ્પનાની ચકાસણી કરવા માટે કમ્પ્યુટર પ્રોગ્રામ SPSS નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેનાં આધારે અંકશાસ્ત્રીય પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં t ગુણોત્તર, મધ્યસ્થ, મધ્યક, પ્રમાણવિચલન, કકુદતા, વિરૂપતા જેવા અંકશાસ્ત્રીય માપ ગણતરી કરવામાં આવી હતી.

**અભ્યાસનાં તારણો**

૧. માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા કન્યા અને કુમાર વિદ્યાર્થીઓએ ઐતિહાસિક સ્મારકો પરત્વેની સભાનતા માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકો વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળ્યો ન હતો.

૨. માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ગ્રામ્ય અને શહેરી વિદ્યાર્થીઓએ ઐતિહાસિક સ્મારકો પરત્વેની સભાનતા માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકો વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળ્યો હતો. જેમાં શહેરનાં વિદ્યાર્થીઓ કરતા ગ્રામ્ય વિસ્તારનાં વિદ્યાર્થીઓએ મેળવેલ પ્રાપ્તાંકો ઊંચા હતા.

૩. માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા અનામત અને બિન અનામત વિદ્યાર્થીઓએ ઐતિહાસિક સ્મારકો પરત્વેની સભાનતા માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકો વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળ્યો ન હતો.

૪. માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૯ અને ધોરણ ૧૦ નાં વિદ્યાર્થીઓએ ઐતિહાસિક સ્મારકો પરત્વેની સભાનતા માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકો વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળ્યો હતો. જેમાં ધોરણ –૯ કરતાં ધોરણ –૧૦ નાં વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલા પ્રાપ્તાંકો ઊંચા જોવા મળ્યાં હતા.

**સંદર્ભસૂચિ**


વ્યાસ એસ. (૨૦૦૦). માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનાં વિદ્યાર્થીઓની રાજકીય સભાનતા. અપ્રકાશિત એમ.એડ્ લઘુશોધ નિબંધ, સૌરાષ્ટ યુનિવર્સિટી.

સગારકા વાય. (૨૦૦૧). જૂનાગઢ શહેરની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય ઐકય પરત્વે સભાનતા, અપ્રકાશિત એમ.એડ્ લઘુશોધ નિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.